**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________

   (Name) ____________________

2. (Signature) ____________________

   (Name) ____________________

**OMR Sheet No. :** ..........................................

(To be filled by the Candidate)

**Roll No.** | | | | | | | | |

(In figures as per admission card)

**Roll No.** ____________________

(In words)

**J 3 7 1 5**

# PAPER - II
# GUJARATI

**Time : 1¼ hours]** **[Maximum Marks : 100**

Number of Pages in this Booklet : **12** | Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Sheet and the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (1), (2), (3) and (4). You have to darken the circle as indicated below on the correct response against each item.

   **Example :** ① ② ● ④ where (3) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **OMR Sheet given inside the Booklet only.** If you mark your response at any place other than in the circle in the OMR Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Sheet on conclusion of examination.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There are no negative marks for incorrect answers.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. इस पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे, जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए पुस्तिका पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका का नंबर OMR पत्रक पर अंकित करें और OMR पत्रक का नंबर इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (1), (2), (3) तथा (4) दिये गये हैं। आपको सही उत्तर के वृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   **उदाहरण :** ① ② ● ④ जबकि (3) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पुस्तिका के अन्दर दिये गये OMR पत्रक पर ही** अंकित करने हैं। यदि आप OMR पत्रक पर दिये गये वृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिन्हांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप OMR पत्रक पर नियत स्थान के अलावा अपना नाम, रोल नम्बर, फोन नम्बर या कोई भी ऐसा चिह्न जिससे आपकी पहचान हो सके, अंकित करते हैं अथवा अभद्र भाषा का प्रयोग करते हैं, या कोई अन्य अनुचित साधन का प्रयोग करते हैं, जैसे कि अंकित किये गये उत्तर को मिटाना या सफेद स्याही से बदलना तो परीक्षा के लिये अयोग्य घोषित किये जा सकते हैं।
9. आपको परीक्षा समाप्त होने पर मूल OMR पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें। हालांकि आप परीक्षा समाप्ति पर मूल प्रश्न-पुस्तिका तथा OMR पत्रक की डुप्लीकेट प्रति अपने साथ ले जा सकते हैं।
10. **केवल नीले/काले बाल प्वाईंट पेन का ही इस्तेमाल करें।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तरों के लिए कोई नकारात्मक अंक नहीं हैं।**

# GUJARATI
## PAPER - II

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ (50)** હેતુલક્ષી પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના બે **(2)** ગુણ છે. **બધા** પ્રશ્નો ફરજિયાત છે.

**1.** 'બુદ્ધિરાસ'ના સર્જક કોણ છે ?
(1) વજ્રસેનસૂરિ (2) શાલિભદ્રસૂરિ (3) મહેન્દ્રસૂરિ (4) વિજયસેનસૂરિ

**2.** 'પ્રાણિયા ! ભજી લેને કિરતાર, આ તો સપનું છે સંસાર' - પંક્તિના કવિ કોણ છે ?
(1) ભોજો (2) ધીરો (3) રણછોડ (4) દયારામ

**3.** નીચેનામાંથી કઈ કૃતિ પ્રેમાનંદની નથી ?
(1) નળાખ્યાન (2) ચંદ્રહાસાખ્યાન (3) દુર્વાસા આખ્યાન (4) સુધન્વાખ્યાન

**4.** નીચેનામાંથી કયા સંત કવયિત્રી નથી ?
(1) સતી લોયણ (2) તોરલ (3) રતનબાઈ (4) દાસી જીવણ

**5.** 'ગુલાબસનું ફૂલ' કાવ્યના કવિનું નામ જણાવો.
(1) કાન્ત (2) કલાપી (3) ન્હાનાલાલ (4) સુન્દરમ્

**6.** ડાહ્યાભાઈ દેરાસરીના ગ્રંથનું નામ જણાવો.
(1) દેશી કારીગરને ઉત્તેજન (2) સાઠીના સાહિત્યનું દિગ્દર્શન
(3) પાણીપત અને કુરુક્ષેત્ર (4) અંધેરી નગરીનો ગંધર્વસેન

**7.** નારાયણ દેસાઈના ગ્રંથનું નામ સૂચવો.
(1) હૃદયમાં પડેલી છબીઓ (2) સમૂળી ક્રાન્તિ
(3) મંગળપ્રભાત (4) મારું જીવન એ જ મારી વાણી

**8.** ઈલા આરબ મહેતાના વાર્તાસંગ્રહનું નામ શું છે ?
(1) રાધા (2) બળવો, બળવી, બળવું
(3) ધી ન્યુ લાઈફ (4) થીજેલો આકાર

**9.** 'નિશાચક્ર'ની નાયિકા કોણ છે ?
(1) લોયન્લા (2) લાનુલા (3) અનુરલ્લા (4) અનંગલીલા

**10.** ઉમાશંકર જોશીના 'સંસ્કૃતિ'નો પ્રકાર જણાવો.
(1) ચિંતનગ્રંથ (2) સાહિત્યસામયિક (3) પ્રવાસગ્રંથ (4) કાવ્યગ્રંથ

**11.** કાળાનુક્રમે ગોઠવો :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (i) | વિનોદિની નીલકંઠ | (ii) | પદ્મા ફડિયા | (iii) | સરોજિની મહેતા | (iv) | જ્યોત્સ્ના શાહ |
| (1) | (ii), (iii), (i), (iv) | (2) | (iii), (i), (iv), (ii) | (3) | (ii), (iv), (i), (iii) | (4) | (ii), (iii), (iv), (i) |

**12.** કાળાનુક્રમે ગોઠવો :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (i) | ક્ષણ જે ચિરંતન | (ii) | શાંત કોલાહલ | (iii) | ધ્વનિ | (iv) | ઈક્ષણા |
| (1) | (iii), (iv), (ii), (i) | (2) | (iii), (i), (ii), (iv) | (3) | (iii), (ii), (i), (iv) | (4) | (iii), (iv), (i), (ii) |

**13.** કાળાનુક્રમે ગોઠવો :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (i) | સંરચના | (ii) | કલ્પના | (iii) | અંતઃસ્ફુરણા | (iv) | અનુકરણ |
| (1) | (iv), (ii), (iii), (i) | (2) | (iv), (i), (ii), (iii) | (3) | (iv), (iii), (ii), (i) | (4) | (iv), (iii), (i), (ii) |

**14.** કાળાનુક્રમે ગોઠવો :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (i) | ભરતમુનિ | (ii) | જગન્નાથ | (iii) | આનંદવર્ધન | (iv) | મમ્મટ |
| (1) | (i), (iv), (ii), (iii) | (2) | (i), (iii), (iv), (ii) | (3) | (i), (ii), (iii), (iv) | (4) | (i), (iii), (ii), (iv) |

**15.** કાળાનુક્રમે ગોઠવો :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (i) | પ્રબોધ પંડિત | (ii) | કે.કા.શાસ્ત્રી | (iii) | હરિવલ્લભ ભાયાણી | (iv) | જયંત કોઠારી |
| (1) | (ii), (iii), (i), (iv) | (2) | (ii), (i), (iii), (iv) | (3) | (ii), (iv), (i), (iii) | (4) | (ii), (iii), (iv), (i) |

**16.** કાળાનુક્રમે ગોઠવો :

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (i) | ઑફ ગ્રામેટોલોજી | (ii) | ફીલિંગ એન્ડ ફોર્મ | (iii) | પોએટિક્સ | (iv) | રિપબ્લિક |
| (1) | (iv), (ii), (iii), (i) | (2) | (iv), (ii), (i), (iii) | (3) | (iv), (i), (ii), (iii) | (4) | (iv), (iii), (ii), (i) |

**17.** નીચેનામાંથી સુસંગત વિગતજૂથ જણાવો :

(1) માનસી, વસંત, રંગમંડળ

(2) કુરુક્ષેત્ર, વેવિશાળ, પિયાસી

(3) સારિકા પિંજરસ્થા, બળતરાનાં બીજ, ચકુનો વર

(4) નંદિગ્રામ, નાટ્યસંઘ, નવચેતન

**18.** નીચેનામાંથી સુસંગત વિગતજૂથ જણાવો :

(1) વીસમી સદી, વૈશ્વાનર, નટમંડળ

(2) ગુજરાત વિદ્યાસભા, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી

(3) ઊડણ ચરકલડી, સોયનું નાકું, મનીષા

(4) ખીચડી, અંતઃસ્ત્રોતા, આવતીકાલનો સૂરજ

19. નીચેનામાંથી સુસંગત વિગતજૂથ જણાવો.

(1) તપતી, તક્ષક, મૈનેન્દ્ર
(2) અશ્વિન, અરુણ, જનાર્દન
(3) ચૌલા, ગંગસર્વજ્ઞ, કાક
(4) મનોરદા, ઝમકુ, બેચર

20. નીચેનામાંથી અસંગત વિગતજૂથ જણાવો.

(1) તાલવ્ય : ચ, છ, શ
(2) કંઠ્ય : ક, ખ, ઝ
(3) દંત્ય : થ, ધ, લ
(4) ઓષ્ઠ્ય : પ, બ, વ

21. નીચેનામાંથી અસંગત વિગતજૂથ જણાવો :

(1) બંગાળી : શ્રીયુત, બાબુ, બિપિન
(2) મરાઠી : નિદાન, નિમણુંક, પંતુજી
(3) પોર્ટુગીઝ : આફૂસ, કપ્તાન, પિંઢારો
(4) હિન્દી : ગાયકી, દીદી, ભૈયા

22. નીચેનામાંથી અસંગત વિગતજૂથ જણાવો :

(1) સ્વપ્નતીર્થ : નવીન, મા, મહારાજ ઘનશ્યામલાલજી
(2) મરણોત્તર : મૃણાલ, મેધા, ગોપી
(3) ચહેરા : નિષાદ, રંજના, કામિની
(4) રિક્તરાગ : લૉયન્લા, અકોલા, મેજર મલકાની

23. નીચેનામાંથી અસંગત વિગતજૂથ જણાવો :

(1) ચન્દ્રવદન મહેતા : આગગાડી, ધરાગુર્જરી, શર્વિલક
(2) જશવંત ઠાકર : માટીમાંથી સોનું, જીવનનો જય, વિરાટ જાગે છે
(3) મધુકર રાંદેરિયા : અંતે તો તમારી જ, અનંતને આરે, તું અલ્યા કોણ ?
(4) અદી મર્ઝબાન : કાતરિયું ગેપ, કાકા મારા વાંકા, ઘરડી ઘોડી લાલ લગામ

24. નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ તપાસ કરો :

**(A)** અનુગો નામ સાથે પ્રમાણમાં દૃઢ રીતે જોડાયેલા રહે છે.
**(R)** એક સાથે એકથી વધારે અનુગ આવી શકે નહિ.

(1) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.
(2) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(3) **(A)** અને **(R)** બંને સાચાં છે.
(4) **(A)** અને **(R)** બંને ખોટાં છે.

25. નીચેનાં વિધાનોની કાર્યકારણ દૃષ્ટિએ તપાસ કરો :

**(A)** ભાષા વાણી વિના સ્વતંત્ર રીતે પ્રયોજી શકાય નહિ.
**(R)** કારણ કે ભાષા વાણીમાંથી આવે છે.

(1) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(2) **(A)** અને **(R)** બંને ખોટાં છે.
(3) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.
(4) **(A)** અને **(R)** બંને સાચાં છે.

**26.** નીચેનાં વિધાનોની કાર્યકારણ દષ્ટિએ તપાસ કરો :

**(A)** અનુ આધુનિક એટલે આધુનિકનો ઉત્તર ભાગ.

**(R)** અનુઆધુનિકમાં આધુનિકતાનાં લક્ષણો જોઈ શકાય છે.

(1) **(A)** અને **(R)** બંને ખોટાં છે.
(2) **(A)** અને **(R)** બંને સાચાં છે.
(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

**27.** નીચેનાં વિધાનોની કાર્યકારણ દષ્ટિએ તપાસ કરો :

**(A)** વિસર્ગ એ સ્વરનો સહચારી છે.

**(R)** વિસર્ગ એ સ્વરને અંતે ઉચ્ચારાતો ધ્વનિ છે.

(1) **(A)** અને **(R)** બંને ખોટાં છે.
(2) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(3) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.
(4) **(A)** અને **(R)** બંને સાચાં છે.

**28.** નીચેનાં વિધાનોની કાર્યકારણ દષ્ટિએ તપાસ કરો :

**(A)** કવિતા એટલે પાંડિત્યનો ઉદ્‌ઘોષ.

**(R)** પંડિતયુગમાં પંડિતોના હાથે રચાયેલ સર્જન જ કવિતા તરીકે ઓળખાયું.

(1) **(A)** અને **(R)** બંને સાચાં છે.
(2) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(3) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.
(4) **(A)** અને **(R)** બંને ખોટાં છે.

**29.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

**(A)** 'કિંચિત્' રમેશ પારેખનો કાવ્યસંગ્રહ છે.

**(R)** 'કિંચિત્' સુરેશ જોષીનો કાવ્યસંગ્રહ છે.

(1) **(A)** અને **(R)** બંને સાચાં છે.
(2) **(A)** અને **(R)** બંને ખોટાં છે.
(3) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(4) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.

**30.** નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

**(A)** ગુજરાતીમાં નરસિંહ મહેતા ઍવોર્ડ મધ્યકાલીન સાહિત્ય ક્ષેત્રે આપેલા પ્રદાન માટે અપાય છે.

**(R)** પહેલો નરસિંહ મહેતા ઍવોર્ડ દયારામને આપવામાં આવ્યો હતો.

(1) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.
(2) **(A)** ખોટું છે અને **(R)** સાચું છે.
(3) **(A)** અને **(R)** બંને ખોટાં છે.
(4) **(A)** સાચું છે અને **(R)** ખોટું છે.

31. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(A) છબીલા નંદના રે, તારી ચાલનો ચટકો જો... ભાલણ

(R) આવડી રઢ શી વિઠલા ! તુજને ગગનથી ઈન્દુ કેમ આપું આણી ? - રાજે

(1) (A) સાચું છે અને (R) ખોટું છે.

(2) (A) ખોટું છે અને (R) સાચું છે.

(3) (A) અને (R) બંને સાચાં છે.

(4) (A) અને (R) બંને ખોટાં છે.

32. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(A) 'જય સોમનાથ' ના લેખક કનૈયાલાલ મુનશી છે.

(R) 'જય સોમનાથ' ના લેખક રઘુવીર ચૌધરી છે.

(1) (A) સાચું છે અને (R) ખોટું છે.
(2) (A) અને (R) બંને સાચાં છે.
(3) (A) અને (R) બંને ખોટાં છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

33. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(A) કવિતા એટલે વિશ્વની રસપ્રભા ! - ઉમાશંકર જોશી

(R) કવિતા એટલે આત્માની માતૃભાષા ! - ન્હાનાલાલ

(1) (A) અને (R) બંને સાચાં છે.
(2) (A) સાચું છે અને (R) ખોટું છે.
(3) (A) અને (R) બંને ખોટાં છે.
(4) (A) ખોટું છે અને (R) સાચું છે.

34. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(A) હાલરડાંમાં માતાનો વાત્સલ્યભાવ વ્યક્ત થાય છે.

(R) 'મદાલસાનું હાલરડું' માં વાત્સલ્યભાવ મુખ્ય છે.

(1) (A) અને (R) બંને સાચાં છે.
(2) (A) સાચું છે અને (R) ખોટું છે.
(3) (A) ખોટું છે અને (R) સાચું છે.
(4) (A) અને (R) બંને ખોટાં છે.

35. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(A) ઉક્તિના કોઈ અંશને વિશેષ બળથી ઉચ્ચારીએ ત્યારે એને ભાર કહેવાય છે.

(R) ઉક્તિના અમુક અંશને લંબાવીને ઉચ્ચારવામાં આવે ત્યારે તે સૂર કહેવાય છે.

(1) (A) ખોટું છે અને (R) સાચું છે.
(2) (A) અને (R) બંને સાચાં છે.
(3) (A) સાચું છે અને (R) ખોટું છે.
(4) (A) અને (R) બંને ખોટાં છે.

36. બંને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | હોનોલ હોટી | (i) | બાળકથા |
| (b) | પાછલે બારણે | (ii) | આત્મકથા |
| (c) | સાફલ્ય ટાણું | (iii) | નવલકથા |
| (d) | ટચુકડી સો વાતો | (iv) | લોકકથા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (ii) | (i) | (iii) |
| (2) | (iv) | (i) | (ii) | (iii) |
| (3) | (iv) | (iii) | (ii) | (i) |
| (4) | (iv) | (iii) | (i) | (ii) |

37. બંને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | આગગાડી | (i) | દ્વિગુ |
| (b) | પાંચશેરી | (ii) | મધ્યમપદલોપી |
| (c) | સુખાંત | (iii) | અવ્યયીભાવ |
| (d) | આજન્મ | (iv) | બહુવ્રીહિ |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (i) | (iv) | (iii) |
| (2) | (ii) | (iii) | (i) | (iv) |
| (3) | (ii) | (iv) | (iii) | (i) |
| (4) | (ii) | (iv) | (i) | (iii) |

38. બંને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | ત્રિભુવન ત્રિવેદી | (i) | જલન માતરી |
| (b) | તનસુખરાય ઓઝા | (ii) | શિવેન્દુ |
| (c) | મનહરલાલ રાવળ | (iii) | મસ્ત કવિ |
| (d) | જલાલુદ્દીન અલવી | (iv) | દિલદાર |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (i) | (ii) | (iv) |
| (2) | (iii) | (ii) | (iv) | (i) |
| (3) | (iii) | (iv) | (ii) | (i) |
| (4) | (iii) | (ii) | (i) | (iv) |

39. બંને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | લોક સંસ્કૃતિ | (i) | સુનીતિકુમાર ચેટર્જી |
| (b) | લોકવાઙ્મય | (ii) | કનુભાઈ જાની |
| (c) | જનવિદ્યા | (iii) | ઝવેરચંદ મેઘાણી |
| (d) | લોકવિદ્યા | (iv) | હસુ યાજ્ઞિક |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (iv) | (iii) | (ii) |
| (2) | (i) | (iv) | (ii) | (iii) |
| (3) | (i) | (iii) | (ii) | (iv) |
| (4) | (i) | (ii) | (iii) | (iv) |

40. બંને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | પાડે તાળી, વજાડે ગાલ, આંતરી વળે ઉછંખલ બાળ | (i) | સ્વાભાવોક્તિ |
| (b) | ન હોય એ અભ્ર, એ તો ગરવો ગિરનાર છે | (ii) | અપહ્નુતિ |
| (c) | આકાશધરા ત્યાં કંપ્યાં, ડોલ્યાં ચૌદ બ્રહ્માંડ | (iii) | અતિશયોક્તિ |
| (d) | તરણાં ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં | (iv) | અપ્રસ્તુત પ્રશંસા |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (iv) | (ii) | (iii) |
| (2) | (i) | (iii) | (ii) | (iv) |
| (3) | (i) | (ii) | (iii) | (iv) |
| (4) | (i) | (iii) | (iv) | (ii) |

41. બંને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | ઊહાપોહ | (i) | ઈન્દુ પુવાર |
| (b) | વેશ | (ii) | સુરેશ જોષી |
| (c) | નાન્દીકાર | (iii) | જયંતિ દલાલ |
| (d) | રેખા | (iv) | શૈલેષ ટેવાણી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (iii) | (iv) | (i) |
| (2) | (ii) | (i) | (iv) | (iii) |
| (3) | (ii) | (iv) | (i) | (iii) |
| (4) | (ii) | (iii) | (i) | (iv) |

42. બંને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | વૉર એન્ડ પીસ | (i) | જયંતિ દલાલ |
| (b) | ચિત્રાંગદા | (ii) | મહાદેવ દેસાઈ |
| (c) | ઑથેલો | (iii) | મનસુખલાલ ઝવેરી |
| (d) | શાકુન્તલ | (iv) | ઉમાશંકર જોશી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (i) | (iii) | (iv) | (ii) |
| (2) | (i) | (iv) | (ii) | (iii) |
| (3) | (i) | (iii) | (ii) | (iv) |
| (4) | (i) | (ii) | (iii) | (iv) |

43. બંને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | કવિતામાં બે ભાગ રસ ને એક ભાગ તર્ક જોઈએ | (i) | ખબરદાર |
| (b) | કવિતા એ કવિહૃદયનો રસાનુભવ છે. | (ii) | નર્મદ |
| (c) | ભાવક નથી તો કાવ્ય નથી | (iii) | કાકાસાહેબ કાલેલકર |
| (d) | જીવનમાં શું કે કળામાં શું, અનુકરણ એટલે મરણ | (iv) | ઉમાશંકર જોશી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (ii) | (iii) | (iv) | (i) |
| (2) | (ii) | (i) | (iv) | (iii) |
| (3) | (ii) | (iii) | (i) | (iv) |
| (4) | (ii) | (iv) | (iii) | (i) |

44. બંને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | કોલબેલ | (i) | સુભાષ શાહ |
| (b) | શાલિટાકા | (ii) | શ્રીકાન્ત શાહ |
| (c) | તિરાડ | (iii) | રમેશ શાહ |
| (d) | બહારનાં પોલાણ | (iv) | ચિનુ મોદી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iv) | (iii) | (ii) | (i) |
| (2) | (iv) | (i) | (ii) | (iii) |
| (3) | (iv) | (ii) | (i) | (iii) |
| (4) | (iv) | (i) | (iii) | (ii) |

**45.** બંને યાદીની વિગતો સરખાવીને સાચાં જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (a) | સ્વવાચકની શોધ | (i) | મનોજ ખંડેરિયા |
| (b) | ઈર્શાદગઢ | (ii) | ચિનુ મોદી |
| (c) | ૐ તત્ સત્ | (iii) | રાજેન્દ્ર શુક્લ |
| (d) | હસ્તપ્રત | (iv) | મનહર મોદી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (1) | (iii) | (i) | (ii) | (iv) |
| (2) | (iii) | (iv) | (ii) | (i) |
| (3) | (iii) | (ii) | (iv) | (i) |
| (4) | (iii) | (i) | (iv) | (ii) |

નીચેનું કાવ્ય વાંચી એની નીચે આપેલા પ્રશ્નોના સાચા ઉત્તરો જણાવો.

ગયાં વીતી વર્ષો દશ ઉપર બે ચાર તુજથી
થયે જુદા, તો યે મુજ હૃદયની શૂન્ય કુટિ રે
વિરાજેલી, બા ! તું નવ કદીય હું દૂર ચસવા
દઉં મારે માટે વિકટ પથમાં તું જ સઘળું.
હજી તારી કાયા મુજ નયન સામે ઝળહળે,
હજી તારો હાલો કરણપટ માંહીં રણઝણે,
અને ગાલે મારે તુજ ચૂમી તણી સ્નેહવરષા
નથી ઝાંખી થૈ કૈં, કંઈ સહજ વા ગૈ છ બદલી.
ઘણી વેળા રાત્રે ઝબકી જઉં ને ત્યાં જ નયનો
ઉઘાડીને ભાગી, ખબર નહીં ક્યાં, જાય સમણાં !
અને ત્યારે થાતું અવ ઢબૂરીને તું સહજમાં
ફરીથી સુવાડે, અરર પણ ના એ નસીબમાં.
વધે છે વર્ષો તો દિન દિન છતાં કેમ મુજને
રહે છે બોલાવી બચપણ તણી હાક તુજની ?

**46.** કાવ્યના પ્રથમ ચતુષ્કમાં કવિ શું સૂચવે છે ?

(1) માતાનો અનુબંધ (2) પારિવારિક સંબંધો

(3) પોતે કરેલાં તોફાનો (4) પોતે કરેલી ભૂલા

**47.** કવિને વિકટ પથમાં કોની હૂંફ રહી છે ?

(1) પિતાની (2) મિત્રોની (3) સ્વજનોની (4) બાની

48. કવિને નસીબ ક્યાં ખૂટતું જણાય છે ?

(1) અપૂરતી ઊંઘમાં
(2) સમણાં સંદર્ભે
(3) માતા બૂરીને સૂવાડે તે બાબતે
(4) આંખોના ઝબકાર બાબતે

49. કવિ શાની હાક સાંભળે છે ?

(1) વિકટ પથની
(2) વધી રહેલાં વર્ષોની
(3) નિદ્રા માટેની
(4) બચપણની

50. આ કાવ્યનું સ્વરૂપ જણાવો.

(1) ગઝલ
(2) ખંડકાવ્ય
(3) કરુણપ્રશસ્તિ
(4) સૉનેટ

- o 0 o -

**Space For Rough Work**